# અમદાવાદમાં થયેલું ઓપરેશન વિશ્વના ડોક્ટરોએ 'લાઈવ' જોયું

## ડો. તેજસે સીસીટીમાં ભારતને 'લાઈવ સર્જરી'નું બહુમાન અપાવ્યું

**ભાસ્કર ન્યૂઝ** | અમદાવાદ

જાપાનમાં કોબે શહેરમાં કોમ્પ્લેક્સ કાર્ડિયોવસ્ક્યુલર થેરાપ્યોટિક્સ (સીસીટી) ૨૦૦૮ નામની પરિષદમાં ભાગ લેવા આવેલા વિશ્વભરના ૫૦૦૦ જેટલા કાર્ડિયોલોજિસ્ટસે અમદાવાદની કૃષ્ણા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં બે દર્દીઓ પર થઈ રહેલી એન્જિયોપ્લાસ્ટીને લાઈવ નિહાળી હતી. ભારત, ખાસ કરીને અમદાવાદ માટે આ ગૌરવનો પ્રસંગ હતો, કારણ કે આ પરિષદમાં પહેલી વખત ભારતમાંથી ઓપરેશનને લાઈવ દર્શાવવામાં આવ્યું હતું.

છેલ્લાં દસ વર્ષથી સીસીટીનું દર વર્ષે આયોજન થાય છે. આમાં મુખ્યત્વે અમેરિકા અને યુરોપના દેશોમાં થતા હૃદયનાં ઓપરેશનોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પરિષદના સ્થળે લાઈવ દર્શાવાય છે, જેમાં દુનિયાના વિવિધ દેશોના સેંકડો કાર્ડિયોલોજિસ્ટ નિહાળે છે અને ઓપરેશન કરનાર ડોક્ટર સાથે ચર્ચા-પ્રોત્તરી કરે છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ રીતે લાઈવ ઓપરેશન કરવાનું બહુમાન એશિયામાં અત્યાર સુધી માત્ર દક્ષિણ કોરિયા, ચીન, જાપાન અને સિંગાપોરના ડોક્ટરોને મળ્યું છે. સીસીટી-૨૦૦૮માં ભારતને આ બહુમાન આજે અમદાવાદના અગ્રગણ્ય કાર્ડિયોલોજિસ્ટ અને ટોટલ કાર્ડિયોવસ્ક્યુલર સોલ્યુશન્સ (ટીસીવીએસ)ના ડિરેક્ટર ડો. તેજસ પટેલે અપાવ્યું હતું.



કૃષ્ણા હાર્ટ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી ઓપરેશન કરાયું હતું. -કલ્પિત ભચેચ

ડો. તેજસ પટેલે અમદાવાદ સ્થિત કૃષ્ણા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં બે દર્દીઓ પર ટ્રાન્સરેડિયલ પદ્ધતિથી એન્જિયોપ્લાસ્ટી કરી હતી. સેટેલાઈટ લિન્ક દ્વારા જાપાનના કોબેમાંના લગભગ ૫૦૦૦ જેટલા કાર્ડિયોલોજિસ્ટસે આ ઓપરેશન લાઈવ નિહાળ્યાં હતાં.

૭૪ વર્ષના એક દર્દીની એક નળી ૧૦૦ ટકા અને બીજી નળી ૯૦ ટકા બંધ હતી. કાંડાની નસમાંથી વાયર નાખીને આ નળીઓને ખોલવાની જટિલ કામગીરીનું નિદર્શન ડો. તેજસ પટેલે વિશ્વભરના કાર્ડિયોલોજિસ્ટસને કરી બતાવ્યું હતું. પરંપરાગત પદ્ધતિમાં જાંઘની નળીમાંથી વાયર પસાર કરીને હૃદયના લોહીના પુરવઠાને અવરોધતા ધમનીઓના બ્લોકેજને દૂર કરવામાં આવે છે, જ્યારે ટ્રાન્સરેડિયલ પદ્ધતિમાં કાંડાની નળીમાં વાયર નાખવામાં આવે છે. આ પદ્ધતિના ફાયદા જણાવતા ડો. તેજસ પટેલ કહે છે, 'પરંપરાગત પદ્ધતિમાં પગમાં લોહી જામી જવું, દર્દી હરી-ફરી ન શકે વગેરે જેવા કોમ્પ્લીકેશન્સ થઈ શકે છે.

જ્યારે ટ્રાન્સરેડિયલ પદ્ધતિમાં આવા કોમ્પ્લીકેશન્સ લગભગ શૂન્ય હોય છે.' ટ્રાન્સરેડિયલ પદ્ધતિને ભારતમાં લોકપ્રિય બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ડો. તેજસ પટેલે કોમ્પ્લેક્સ કાર્ડિયોવસ્ક્યુલર થેરાપ્યોટિક્સ (સીસીટી)માં ઈન્ટરનેશનલ ગેસ્ટ ફેકલ્ટી તરીકે અવારનવાર ભાગ લીધો છે, પરંતુ આજે તેમણે સીસીટીમાં પહેલી વખત લાઈવ ઓપરેશન કરવાનું બહુમાન ભારતને અપાવ્યું છે.